**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. I-૧૯-૨૦૧૫-૧૬**

અરજદાર: શ્રી અરવિંદભાઇ કાનસીંગભાઇ પટેલ,
માલ ફળીયું, ભામૈયા પૂર્વ,
તા. ગોધરા, જી.: પંચમહાલ.
રજુઆત કરનાર: મહેશભાઇ કાનસીંગભાઇ પટેલ
સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સંતરોડ પેટા-વિભાગીય કચેરી, જી. પંચમહાલ.
રજુઆત કરનાર: શ્રી જી. એલ. વસાવા, નાયબ ઇજનેર, સંતરોડ પેટા-વિભાગીય કચેરી, જી. પંચમહાલ.

ફરીયાદીની તા. ૨૩.૦૫.૨૦૧૫ ની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા બાબતની ફરિયાદ.

ફરિયાદીની ફરિયાદ ગ્રાહક નિવારણ ફોરમ સમક્ષ તા. ૦૫.૦૬.૧૫ ના રોજ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી શ્રી અરવિંદભાઇ કાનસીંગભાઇ પટેલ તરફે તેઓના ભાઇ શ્રી મહેશભાઇ કાનસીંગભાઇ પટેલ તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે નાયબ ઇજનેર, શ્રી જી. એલ. વસાવા, નાયબ ઇજનેર, સંતરોડ પેટા-વિભાગીય કચેરી, જી. પંચમહાલ હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીએ ખેતી વિષયક વીજ જોડાણની માંગણી સામાવાળા પાસે કરેલ.
૨. સામાવાળાએ આ માંગણી સ્વીકારી અંદાજપત્ર આપેલ.
૩. તા. ૨૮.૦૨.૧૩ ના રોજ ફરિયાદીએ અંદાજપત્ર મુજબના નાણાં ભરપાઇ કરેલ.
૪. સામાવાળાએ આજ દીન સુધી વીજ જોડાણ આપેલ નથી. અવારનવાર મૌખિક અને લેખિત માંગણી કરવા છતાં બહાના બતાવી સામાવાળા વીજ જોડાણ આપતા નથી.
૫. ફરિયાદીને વીજ જોડાણ ન મળવાને કારણે તેઓની ખેતીવાડી તેમજ વનીકરણને નુકસાન થતું હોઇ તાત્કાલિક વીજ જોડાણ અપાવવા માંગણી કરેલ છે.

ફરિયાદી તરફે તેઓના ભાઇ શ્રી મહેશભાઇ કાનસીંગભાઇ પટેલ હાજર રહ્યા અને જણાવ્યું કે, અમોએ અમારા ખેતરમાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા અરજ કરેલ છે. સામાવાળાએ આપેલ એસ્ટીમેટ મુજબના નાણાં ભરપાઇ કરેલ છે. તેમ છતાં આજ દીન સુધી ખેતીવાડી વીજ જોડાણ મળેલ નથી. અમોએ અમારા ગામના લોકો સામે પોલીસ ફરિયાદ કરેલ છે. તેમજ પોલીસ પ્રોટેક્શનની માંગણી કરેલ છે. પરંતુ પોલીસે કોઇ કાર્યવાહી કરેલ નથી.

સામાવાળા તરફે જી. એલ. વસાવા હાજર રહ્યા અને જણાવ્યુ કે તા. ૩૧.૦૧.૧૩ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ. ફરિયાદીએ અંદાજપત્ર મુજબના નાણાં તા. ૨૮.૦૨.૧૩ ના રોજ ભરપાઇ કરેલ છે. અમો દ્વારા તા. ૨૫.૦૨.૧૪ અને તા. ૨૫.૦૩.૧૪ ના રોજ ફરિયાદીને ત્યાં વીજ જોડાણ આપવા કોન્ટ્રાક્ટર ના માણસો કામ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. પરંતુ ગામના લોકોએ કોન્ટ્રાક્ટર ના માણસોને કામ કરવા દીધેલ નહીં.

ફરિયાદીને ગામના લોકો સાથે વિખવાદ ચાલતો હોઇ ગામના લોકો વીજ જોડાણનું કામ કરવા દીધેલ નહીં અને જણાવેલ કે, "તમો વીજ લાઇન નાખશો તો પણ અમો કાઢી નાખીશું" જેથી સામાવાળાએ તા. ૧૮.૧૧.૧૪ ના રોજ પોલીસ પાસે પ્રોટેક્શન ની માંગણી કરેલ છે. પરંતુ પોલીસ તરફથી કોઇ પ્રતિસાદ મળેલ નથી. સામાવાળા તા. ૧૦.૦૪.૧૫ ના રોજ એસ.આર.પી. સ્ટાફ સાથે કોન્ટ્રાક્ટરના માણસો લઇને વીજ જોડાણ આપવા માટેનું કામ કરવા ગયેલ. પરંતુ ગામના ૩૦૦ થી ૪૦૦ માણસો ભેગા થઇ ગયેલ અને કામ કરવા દીધેલ નહીં. સામાવાળા જ્યારે જ્યારે વીજ જોડાણનું કામ કરવા ફરિયાદીને ત્યાં ગયા ત્યારે એક પણ વખત ફરિયાદી ત્યાં હાજર રહેતા ન હતા. ગામના લોકો ભેગા થઇ જતા હતા અને વીજ જોડાણ માટે લાઇન અને થાંભલા નાંખવા દેતા ન હતા તેથી ફરિયાદીનું વીજજોડાણનું કામ થયેલ નથી.

ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોની ચકાસણી કરી. સામાવાળાએ ફરિયાદીને માંગ્યા મુજબ વીજ જોડાણ આપવાની પૂરેપુરી કોશીષ કરેલ છે. સામાવાળાનો ફરિયાદીને વીજ જોડાણ નહીં આપવાનો ઇરાદો નથી. પરંતુ ફરિયાદીને તેના ગામના લોકો સાથે વિખવાદ હોઇ ગામના લોકો સામૂહિક રીતે સામાવાળાને વીજ જોડાણ ની લાઇન ઉભી કરવાની કામગીરી કરવા દેતા નથી. તદ્દઉપરાંત ફરીયાદી પોતે તે સમયે હાજર રહેતા નથી. જેથી સદરહું કામ થઇ શકતું નથી. વધુમાં, જી.ઇ.આર.સી. સપ્લાય કોડના નોટીફિકેશન ન. ૧૧ ઓફ ૨૦૦૫ સેક્શન ૪ ક્લોઝ ૪.૧.૪ અન્વયે લાઇન કામ અગે અંતરાય દૂર કરવા (વે લીવ) અંગે અરજદારે સહકાર પૂરો પાડવાની ફરજ છે. જે ફરિયાદીએ પૂરી પાડવી જોઇએ.

## <u>હુકમ</u>

આથી ફરિયાદી શ્રી અરવિંદભાઇ કાનસીંગભાઇ પટેલ, માલ ફળીયું, ભામૈયા પૂર્વને હુકમ કરવામાં આવે છે કે સપ્લાયકોડના નોટીફિકેશન નં. ૧૧ ઓફ ૨૦૦૫ સેક્શન ૪ ક્લોઝ ૪.૧.૪ અન્વયે વે લીવ પૂરી પાડવા જરૂરી કાયર્વાહી કરવી. જેથી મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ વિજ જોડાણ આપવા માટે લાઇનની કામગીરી કરી શકે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,